નન્દ ટ્રેક્ટમાળા ક્રમાંક ૬ કિંમત ૦—૦—૬

॥ ओ३म् ॥

આપણાં બાળકોની શિક્ષા

। અને સંસ્કાર



મહર્ષિ દયાનન્દ સરસ્વતી

(પિતા અને આચાર્યનું મુખ્ય કર્મ છે. (સત્યાર્થપ્રકાશ)

: મૂળ લેખક :
ગંગાપ્રસાદ ઉપાધ્યાય એમ. એ.

શક : મું. પ્ર. આ. પ્ર. સભા, આણંદ. સં. ૧૯૮૮
મ આવૃત્તિ] [પ્રત ૧૦૦૦

નિવેદન

સ્વામી ભજનાનંદ, પૂર્વાશ્રમના એકનાથજી ચેવલાનિવાસીને આર્યો સારી રીતે પીછાણે છે; તેઓ અત્યારે ૮૦ વર્ષની ઉંમરે પહોંચ્યા છે, પરંતુ વૈદિકધર્મ પ્રત્યેની ધગસ એક યુવાન કરતાં પણ વિશેષ ધરાવે છે. તેમણે ૪૦ વર્ષ સુધી સમાજની સેવા કરી છે, પોતાની પુત્રીઓને જ્ઞાતિની બહાર પરણાવી જ્ઞાતિનો અભેદ્ય કિલ્લો તોડવાનું પ્રથમ માન તેમણે મેળવેલું છે. તેઓ સમાજના સિદ્ધાંતો પ્રત્યે એવો પ્રેમ ધરાવેછે કે આટલી ઉમ્મરે પણ સિદ્ધાંત પ્રચારનું કામ કર્યા સિવાય તેમને શાન્તિ મળતી નથી. શ્રી. ગંગા-પ્રસાદ ઉપાધ્યાય તરફથી વૈદિક ટ્રેકટમાલા હીંદીમાં પ્રસિદ્ધ થએલી છે; આ અને આવાં ટ્રેકટોનો જો બ્હોળો ફેલાવો કરવામાં આવે તો સ્થાયિરૂપમાં સારો પ્રચાર થઇ શકે. એહેતુ ધ્યાનમાં લઇને તેમણે આવાં ટ્રેકટો મરાઠીમાં શ્રી. ગંગાપ્રસાદનાં ટ્રેકટોનો અનુવાદ કરાવી પ્રસિદ્ધ કર્યાં છે. મરાઠીમાં આવાં ૧૬ ટ્રેકટો પ્રસિદ્ધ થઈ ચુકયાંછે અને હવે ગુજરાતીમાં એવાં ટ્રેકટો પ્રસિદ્ધ કરાવવા નિશ્ચય કર્યોછે. આ કાર્ય માટે એઓ પ્રતિનિધિનું કાર્યાલય શોધતા આણંદ આવી પહોંચ્યા અને તેમની ઇચ્છા અમોને પ્રદર્શિત કરી. પ્રતિનિધિસભાને તો દરેક વિભાગમાં કાર્ય કરનાર માણસ જોઇએ છીએ જેથી સ્વામીજીની આ અવૈતનિક સેવા ઘણા હર્ષથી સ્વીકારી છે. સ્વામીજીએ ટ્રેકટો પ્રસિદ્ધ કરવામાં ધનની સહાયતા કરવાનું સ્વીકાર્યું છે.

આવાં કાર્યને ઉત્તેજન મળે એવા હેતુથી સ્વામીજીની ઇચ્છા ન હોવા છતાં અમોએ આ ટ્રેકટમાળાનું નામ ભજનાનંદ ટ્રેકટ-માળા રાખ્યું છે. જેનું આ ૨જું પુષ્પ છે. આશા છે કે આર્યો તરફથી તેનો સારો સત્કાર થશે આ જરાવસ્થાના કિનારે પહોંચેલા સાધુપુરુષે ઓછામાં ઓછાં આવાં સો ટ્રેકટો પ્રસિદ્ધ કર્યા સિવાય નહિ મરવાનો નિશ્ચય કર્યો છે. અમો આ વૃદ્ધ સંન્યાસીના ઉત્સાહ માટે તેમને અભિનંદન આપીએ છીએ અને સવ સમાજોના મંત્રી મહાશયોને વિનવીએ છીએ કે આવાં ટ્રેકટો તેઓ પોતાની સમાજમાં મંગાવી તેનો બહોળો ફેલાવો કરે.

આણંદ
તા. ૧૫ : ૧૨ : ૩૧

બાપુભાઇ કુ. પટેલ,
ઉપમંત્રી, પ્રતિનિધિ સભા

॥ ओ३म् ॥

— આપણાં બાળકોની શિક્ષા —

(અનુવાદક : શ્રી. સત્યવ્રત)

નબળા પાયાની અસર જેમ મકાનને ઠેઠ સુધી સાલે છે, તેમ જન્મથી જ બાળકમાં પ્રવેશેલા દુર્ગુણો તેને મરણ સુધી સાલે છે.

બાળકોની શિક્ષાનો આધાર માતા, પિતા અને આચાર્ય ઉપર છે. જ્યાંસુધી એ ત્રણે ક્રમશઃ બાળકોને દુષ્ટ ગુણ, દુષ્ટ સ્વભાવ, ને દુષ્કર્મથી બચાવવાનો પ્રયત્ન નહિ કરે, ત્યાંસુધી આર્યજાતિની ઉન્નતિ નહિ થઈ શકે.

સત્યાર્થપ્રકાશમાં લખ્યું છે કેઃ—બાળકોને માતા સદા ઉત્તમ શિક્ષણ આપે, જેથી સંતાન સભ્ય બને અને કોઇ પણ અંગની દુચેષ્ટા ન કરી શકે. જ્યારે બોલતાં શીખે, ત્યારે તેની માતા બાળકની જીભ ઉપર જે રીતે કોમલ થઈને સ્પષ્ટ ઉચ્ચારણ કરી શકે એવો ઉપાય કરે, જેથી જે જે વર્ણનાં સ્થાન, * પ્રયત્ન જેમ 'પ'નું સ્થાન ઓષ્ટ, અને પ્રયત્ન સ્પષ્ટ એટલે કે બેઉ હોઠોને મેળવીને બોલે તથા હ્રસ્વ, દીર્ઘ, અને પ્લુત અક્ષરોને યથાયોગ્ય રીતે બોલી શકે. મધુર, ગંભીર,

---

* સ્થાન, પ્રયત્ન. એ બે શબ્દો વ્યાકરણના પારિભાષિક શબ્દો છે. તેનો અર્થ સ્થાન = જગ્યા અને પ્રયત્ન = મહેનત એમ નથી.

સુંદર સ્વર, અક્ષર માત્રા, વાક્ય, સંહિતા, અવસાન ભિન્ન ભિન્ન સાંભળી શકાય. જ્યારે તે થોડું બોલતાં અને સમજતાં શિખે, ત્યારે સરસ વાણી, અને નાના મોટા, પૂજ્ય, પિતા, માતા, રાજા, વિદ્વાન આદિ સાથે સંભાષણ, તથા તેમની પાસે કેમ બેસવું-ઉઠવું આદિની શિક્ષા આપે. જેથી તેનો અયોગ્ય વ્યવહાર ન થતાં સર્વત્ર તેની પ્રતિષ્ઠા-સન્માન થાય, તથા પોતાનું સંતાન જિતેન્દ્રિય, વિદ્યાપ્રિય અને સત્સંગ-સારી સોબતમાં રહે એવો (માવતર) પ્રયત્ન કરતાં રહે. વ્યર્થ રમત, રડવું, હસવું, લડાઈ-ટંટો, હર્ષ-શોક, કોઇ પદાર્થમાં લોલુપતા, ઇર્ષ્યા, દ્વેષ વગેરે ન કરે. ઉપસ્થ ઇંદ્રિયના સ્પર્શન-મર્દનથી વીર્યક્ષીણ થઈ નપુસકતા આવે છે, અને હાથ દુર્ગંધિત થાય છે, એટલે તેનો સ્પર્શ ન કરે. હંમેશાં સત્ય ભાષણ, શૌર્ય, ધૈર્ય, પ્રસન્નવદન-હસમુખતા, આદિ સદ્ગુણોની પ્રાપ્તિ જે દ્વારા થાય, તેવો પ્રયત્ન કરાવે. જ્યારે પાંચ વર્ષનો પુત્ર અને પાંચ વર્ષની પુત્રી થાય ત્યારે તેને દેવનાગરી બાલબોધ અક્ષરોનો અભ્યાસ કરાવવો તથા સાથે સાથે (પ્રાંતિય અને) અન્ય દેશીય ભાષાઓના અક્ષરોનો પણ અભ્યાસ કરાવવો. ત્યાર બાદ જે દ્વારા સુશિક્ષા વિદ્યા, ધર્મ, પરમેશ્વર, માતા, પિતા, આચાર્ય, વિદ્વાન, અતિથિ, રાજા, પ્રજા, કુટુંબ, બંધુ, ભગિની, ભૃત્ય આદિ સાથે કેમ વર્તવું ઇત્યાદિ વાતોના શ્લોક, સૂત્રો, ગદ્ય, પદ્ય પણ અર્થ સહિત કંઠસ્થ કરાવવા, જેથી

બાળક કોઈ ધૂર્તથી ફોસલાઇ ન જાય. વિદ્યા તથા ધર્મ વિરૂદ્ધ ભ્રાંતિજાળમાં નાખવા વાળા જે જે વ્યવહારો છે તેનો પણ ઉપદેશ કરવો, જેથી બાળકને ભૂત, પ્રેત, (ચમત્કાર) આદિ મિથ્યા વાતોમાં વિશ્વાસ ન રહે.

गुरोः प्रेतस्य शिष्यस्तु पितृमेधं समाचरन् ।
प्रेतहारैः समं तत्र दशरात्रेण शुध्यति ॥

(મનુસ્મૃતિ. અ. ૫. શ્લો. ૬૫)

અર્થ—જ્યારે ગુરુનું મૃત્યુ થાય ત્યારે મૃતક શરીર (મુડદું) જેને 'પ્રેત' કહેવામાં આવે છે. તેને બાળનાર શિષ્ય, 'પ્રેતહાર' અર્થાત્ શબને ઉપાડવા વાળા દશમે દિવસે શુદ્ધ થાય છે. જ્યારે એ શરીર (શબ)નો દાહ થઇ ચૂકે, ત્યારે તેનું નામ 'ભૂત' પડે છે. અર્થાત્ તે અમુક નામના પુરુષ હતા. જે ઉત્પન્ન થઈ વર્તમાનમાં રહી, ન રહે, (મૃત્યુ પામે) એ 'ભૂતસ્થ' છે એટલે એનું નામ 'ભૂત' છે. એવો મહર્ષિ બ્રહ્માથી માંડી આજ સુધીના વિદ્વાનોનો સિદ્ધાંત છે; પરંતુ જેને શંકા, કુસંગ અને કુસંસ્કાર હોય છે, તેને જ ભય અને શંકારૂપ ભૂત, પ્રેત, ડાકણ, ચલિતર આદિ અનેક ભ્રમજાળની મિથ્યા વાતો દુઃખદાયક થાય છે.

જુઓ, જ્યારે કોઈ પ્રાણી મૃત્યુ પામે છે, ત્યારે તેનો જીવ પાપપુણ્યને વશ થઈ, પરમાત્માની (ન્યાય) વ્યવસ્થાથી સુખદુઃખનો ફળ ભોગવવા માટે જન્માન્તર (બીજો જન્મ) ધારણ કરે છે. શું એ અવિનાશી પર-

માત્માની વ્યવસ્થાનો કોઈ નાશ કરી શકે છે? અજ્ઞાની મૂર્ખ લોકો વૈદ્યકશાસ્ત્ર અથવા પદાર્થવિદ્યા (Science) ના જ્ઞાનથી તથા વિચારરહિત હોઇ, આંકડી, તાવ વગેરે શરીરના અને સનેપાત, ઉન્માદ વગેરે મનના રોગોનું નામ ભૂત, પ્રેત આદિ રાખે છે. અને ઔષધ–દવા અને પથ્ય વગેરે (રોગોને નાબુદ કરવાના) ઉચિત ઉપાયો ન કરતાં, એ ધૂર્ત, પાખંડી, મહામૂર્ખ, અનાચારી, સ્વાર્થી, ચમાર, શૂદ્ર, ઝાંપડા અને મ્લેચ્છ (સાંઇ, ફકીર) વગેરે પર વિશ્વાસ મૂકી અનેક પ્રકારના ઢોંગ, છળ, કપટ અને ઉચ્છિષ્ટ ભોજન, દોરા, ધાગા અને ખોટા મંતરજંતરનાં માદળીઆં બાંધી ફરે છે, અને પોતાના ધનનો નાશ, સંતાન આદિની દુર્દશા કરી રોગોને વધારી મૂકી દુઃખી થતા ફરે છે. જ્યારે અક્કલના આંધળા અને ગાંઠના પૂરા (મૂર્ખ ધનિકો), એ પાપી, સ્વાર્થીઓની પાસે જઇને પૂછે છે કે, "મહારાજ! આ છોકરો, છોકરી, સ્ત્રી અથવા પુરુષને કોણ જાણે શું થઇ ગયું છે?" ત્યારે એ (ધૂર્તો) બોલે છે કે "એના શરીરને જબરૂં ભૂત, પ્રેત, ભૈરવ, જોગણી આદિ વળગી છે, અને જ્યાંસુધી તમે તેનો ઉપાય નહિ કરાવો ત્યાંસુધી એ છુટશે નહિ, અને જીવ પણ લઇ લેશે! જો તમે આટલું આટલું સીધું અથવા આટલી અમુક અમુક ભેટ આપો તો અમે મંતરજંતરથી અને જપ–પુરશ્ચરણીથી તેને ફૂંકીને કાઢી મૂકીએ." આ વખતે તેઓ તેમની જાળમાં સપડાઈ જાય છે, ને એ નીચ લોકોને પગે પડી પડીને તેઓને મોં માગી વસ્તુઓ

તે તેમને આપે છે; પરંતુ જો કોઇ બુદ્ધિમાન્ તેની ભેટને બદલે પાંચ જોડા, દંડા કે લપડાક લગાવી દે તો તેનો હનુમાન, દેવી, અને ભૈરવ વગેરે ઝટ પ્રસન્ન થઇ ભાગી જાય છે. કેમકે ફક્ત ધનહરણ કરવા માટેનો એ તેનો ઢોંગ જ હોય છે, અને જ્યારે કોઈ ગ્રહ–પીડિત, ગ્રહસ્વરૂપ ઢોંગી જ્યોતિષી પાસે જઇને પૂછે છે કે " કે મહારાજ! આને શું થયું છે!" ત્યારે એ કહે છે કે, "એના પર સૂર્ય વગેરે ક્રૂર ગ્રહો બેઠા છે, અને જો તમે તેની શાંતિ, પાઠ–પૂજા દાન કરાવો તો એને સારૂં થશે, નહિ તો ખૂબ પીડાઇને જો મરી જાય તો પણ નવાઇ નથી!" પણ એ ઢોંગી જોષી મહારાજોને ઉત્તર આપવો જોઇએ કે:— બોલો જોષી મહારાજ! જેવી આ પૃથ્વિ જડ છે તેવીજ સૂર્યાદિ ગ્રહો પણ (જડ) છે અને તે તાપ અને પ્રકાશાદિ (આપવા)થી ભિન્ન બીજું કંઇ કરી શકે તેમ નથી. એ ચેતન છે કે ક્રોધિત થઇ દુઃખ આપે, અને શાંત થઇ સુખ આપી શકે?

પ્રશ્ન—આ સંસારમાં રાજાપ્રજા જે સુખીદુઃખી થયા કરે છે એ શું ગ્રહોનું ફળ નથી?

ઉત્તર—નહિ. એ બધું પાપપુણ્યનું ફળ છે

પ્રશ્ન—તો શું જ્યોતિષશાસ્ત્ર ખોટું છે?

ઉત્તર—નહિ. તેમાં જે એક, બીજ અને રેખાગણિતની વિદ્યા છે એ બધી સાચી છે, પણ જે બધી ફળની લીલા છે એ બધી જૂઠી છે.

પ્રશ્ન—શું આ જન્મપત્રિકા છે એ જૂઠી છે?

ઉત્તર—હા. એનું નામ જન્મપત્ર નહિ પણ 'શોકપત્ર' રાખવું જોઇએ. કેમકે જ્યારે બાળકનો જન્મ થાય છે ત્યારે બધાને આનંદ થાય છે; પણ જ્યાંસુધી જન્મોત્રી બનીને ગ્રહોનાં ફળ ના સાંભળે, ત્યાંસુધી એ આનંદ ટકી રહે છે. જ્યારે પુરોહિત જન્મોત્રી બનાવવાનું કહે છે, ત્યારે માબાપ પુરોહિતને કહે છે કે "મહારાજ! બહુ સરસ જન્મપત્ર બનાવજો."

કેટલીક વખત જોષી મહારાજ બાળકનાં માતા-પિતાને ખુશ કરવા બાળકનું ભવિષ્ય સારામાં સારૂં વાંચતાં કહે છે કે તેના જન્મગ્રહ અને મિત્રગ્રહ બહુ સારા છે. પણ જ્યારે જોષીને લાગે છે કે આમ આપણું કંઈ વળનાર નથી. ત્યારે તે કહે છે કે "આ ગ્રહો તો જાણે ઘણા સારા છે, પરંતુ આ ગ્રહ જરા કૃર છે. અર્થાત્ અમુક અમુક ગ્રહના યોગથી ૮ વર્ષમાં તેનો મૃત્યુયોગ છે." આ સાંભળીને માબાપ શોકસાગરમાં ડુબી જાય છે અને તેના નિવારણ માટે જોષીને કરગરે છે. જોષી મહારાજ તેના ઉપાયો દર્શાવતાં કહે છે કે, આટલું દાન કરો, આટલા જપ વગેરે કરાવો તો કદાચ બચી જાય. આવી રીતે જોષી લોકો પોતાનું ધાર્યું કામ પાર પાડી શકે છે, ને પોતાને માથે કશું રાખતા નથી. કેટલાક લોકો મંતર-જંતરનો ઢોંગ ફેલાવે છે. તેઓ કહે છે કે "જો અમે દોરો-ધાગો, મંત્ર-જંત્ર વગેરે બનાવી આપીએ તો તેના પ્રતાપથી તેને કંઇ વિઘ્ન આવશે નહિ." જવાબમાં તેમને કહેવું જોઇએ કે તમે

મોતને પણ પરમેશ્વરના નિયમથી બચાવી શકો ખરા કે? પણ તે સમયે તે કંઈ ઉત્તર આપી શકતા નથી. એ ધૂર્તો જાણી લે છે કે અહિં કાંઈ આપણો દાળ ગળે એમ નથી! આથી એ તમામ મિથ્યા વ્યવહારોને છોડી, ધાર્મિક, સર્વદેશોપકારક, નિષ્કપટતાથી સર્વને વિદ્યા ભણાવવા વાળા ઉત્તમ વિદ્વાન લોકોનો પ્રત્યક્ષકાર કરવો.

જેવો એ (વિદ્વાનો) જગતનો ઉપકાર કરે છે, તે કામને કદિ છોડવું ન જોઇએ, અને રસાયણ, મારણ મોહન, ઉચ્ચાટન, વશીકરણ કરવા આદિની જેટલી લીલાઓ કહેવાય છે તેને બહુ ક્ષુદ્ર સમજવી જોઇએ. ઈત્યાદિ ખોટી વાતોનો ઉપદેશ બચપણમાં જ સંતાનોના હૃદયમાં કરવો. જેથી પોતાનું બાળક કોઇની ભ્રમજાળમાં ફસાઇ દુઃખી ન થાય. ઉપરાંત વીર્યરક્ષામાં આનંદ અને તેના નાશ કરવામાં દુઃખપ્રાપ્તિ પણ (યોગ્ય ઉંમરે) જણાવવી જોઈએ. જેમકે “ જુઓ, જેના શરીરમાં સુરક્ષિત વીર્ય રહે છે, ત્યારે તેના આરોગ્ય, બલ, બુદ્ધિ, પરાક્રમ વધીને અત્યંત સુખની પ્રાપ્તિ થાય છે. તેના રક્ષણનો એ ઈલાજ છે કે (કામ) વિષયોની કથા, વિષયી લોકોની સોબત, વિષયોનું ચિંતન, સ્ત્રીનું દર્શન, (સ્ત્રી સાથે) એકાંતસેવન કે ભાષણ–બોલવું અથવા સ્પર્શ આદિ કર્મોથી બ્રહ્મચારીએ અલગ રહી ઉત્તમ શિક્ષા અને પૂર્ણ વિદ્યાને પ્રાપ્ત થવું જોઇએ. જેના શરીરમાં વીર્ય નથી હોતું એ નપુંસક, મહા દુરાચારી જે પ્રમેહ (Gonorrhoia)

રોગ થાય છે અને તે દુર્બલ, નિસ્તેજ, નિર્બુદ્ધિ, ઉત્સાહ, સાહસ, ધૈર્ય, બલ, પરાક્રમાદિ ગુણોથી રહિત થઈ નષ્ટ-ભ્રષ્ટ થાય છે. જો તમે (બાળકો !) પણ સુશિક્ષા અને વિદ્યાને શિખવામાં તથા વીર્યરક્ષા કરવામાં આ સમયે ભૂલ કરશો તો ફરી આ જન્મમાં તમને એ અમૂલ્ય સમય પ્રાપ્ત નહિ જ થાય. જ્યાંસુધી ઘરસંસાર ચલાવવા વાળા અમે લોકો જીવંત છીએ, ત્યાંસુધી તમારે વિદ્યાધ્યયન અને શરીરનું બલ વધારવું જોઇએ." એ રીતનો અને બીજો હિતકર ઉપદેશ માબાપ કર્યા કરે.

જન્મથી પાંચમા વર્ષ સુધી બાળકને માતા, અને ૬થી ૮ વર્ષ સુધી પિતા શિક્ષા આપે અને ૯મા વર્ષના આરંભથી દ્વિજ પોતાના સંતાનોનું ઉપનયન (જનોઇ) અપાવીને (પુત્ર તથા કન્યા) જ્યાં પૂર્ણ વિદ્વાન્ ગુરુ અને પૂર્ણ વિદૂષી સ્ત્રી શિક્ષા અને વિદ્યાદાન આપનાર હોય ત્યાં ક્રમશ: પુત્ર અને પુત્રીને મોકલી આપવા અને શૂદ્રાદિ* વર્ણ ઉપનયન આપ્યા વિના વિદ્યાભ્યાસ માટે ગુરુકુળમાં બાળકોને મોકલી દે. જેઓ ભણાવવામાં સંતાનોને (ખોટા) લાડ કદિ નથી કરતા, તેમનાં જ સંતાનો વિદ્વાન, સભ્ય અને સુશિક્ષિત થાય છે. વ્યાકરણના મહાભાષ્યમાં એનું પ્રમાણ નીચે મુજબ છે:—

* અનેક આચાર્યો શૂદ્રોને પણ ઉપનયનનો અધિકાર આપે છે. જેઓ શૂદ્રોનાં બાળકોને ઉપનયન આપવા વિરૂદ્ધ છે, તેમની સાથે મારો નમ્ર વિરોધ છે. —અનુવાદક

सामृतैः पाणिभिर्घ्नन्ति गुरवो नविषो क्षितैः ।
लालनाश्रयिणो दोषास्ताडनाश्रयिणो गुणाः ॥
(અ. ૮ । ૧ । ૮)

જે માતા, પિતા અને આચાર્ય સંતાનો અને શિષ્યોનું તાડન કરે છે, તેઓ જાણે કે તેમને પોતાના હાથે અમૃતપાન કરાવી રહ્યા છે. અને જેઓ સંતાનો અથવા શિષ્યોને લાડ લડાવે છે તેઓ પોતાના સંતાનો અથવા શિષ્યોને ઝેર પીવરાવી નાશ કરે છે, કેમકે લાડથી સંતાન અને શિષ્ય દોષયુક્ત તથા તાડનથી ગુણયુક્ત થાય છે. અને સંતાને તથા શિષ્યે પણ તાડનથી પ્રસન્ન અને લાડથી સદા અપ્રસન્ન રહ્યા કરવું * પરંતુ માતા, પિતા તથા અધ્યાપકે ઇર્ષ્યા, દ્વેષથી કદિ શિક્ષા ન કરવી, ઉપરથી ભય પ્રદાન (ડારો) અને અંદરથી કૃપાદષ્ટિ રાખવી. અન્ય શિક્ષાની સાથે ચોરી, જારી, આલસ્ય, પ્રમાદ, માદક દ્રવ્ય, ખોટું બોલવું, હિંસા, ક્રૂરતા, ઇર્ષ્યા, દ્વેષ, મોહ આદિ દોષોને છોડવા અને સત્યાચારનો ગ્રહણ કરવા માટેની પણ શિક્ષા

---

* શિષ્ય વા સંતાનને પીટગ્રે જ રાખવા એમ કોઇ ન સમજે પણ ખોટાં લાડ ન લડાવવાં તથા સંતાનોનું તથા શિષ્યોનું હિત લક્ષ્યમાં રાખીને જ ઉચિત શિક્ષા કરવી. વધુ શિક્ષા કરવાથી બાળકો નિભર' બની જાય છે. એમ પણ ન થાય તેની શિક્ષકે સંભાળ રાખવી જોઇએ.

— અનુવાદક

કરવી, કેમકે જે પુરુષો જેની સામે એકવાર ચોરી, મિથ્યાભાષણ આદિ કર્મ કર્યું તેની પ્રતિષ્ઠા તેની સામે મરણ સુધી નહિ થાય. પ્રતિજ્ઞાને ખોટી કરનારને જે હાનિ થાય છે, તેવી બીજા કોઇને નથી થતી. માટે જેની સાથે જેવી પ્રતિજ્ઞા કરવી, તેની સાથે તેને તેવી રીતે પૂરી કરવી જોઇએ. અર્થાત્ જેમ કોઇએ કોઇને કહ્યું કે "હું તમને અથવા તમે મને અમુક સમયે મળીશ અથવા મળશો અથવા અમુક વસ્તુ અમુક વખતે હું તમને આપીશ." એ (પ્રતિજ્ઞા)ને એ રીતેજ પૂરી કરે, નહિ તો તેનો વિશ્વાસ કોઈ નહિ કરે. માટે હંમેશાં સત્ય વચન અને સત્ય પ્રતિજ્ઞાયુક્ત સર્વેએ થવું જોઇએ.

કોઇએ અભિમાન કરવું ન જોઇએ. છલ, કપટ અથવા કૃતઘ્નતાથી પોતાનું જ હૃદય દુઃખીત થાય છે તો બીજાનું થાય તેમાં પૂછવું જ શું ? અંદર કંઈ, બહાર કંઈ રાખી બીજાને મોહમાં ફસાવી (છેતરી) બીજાની હાનિનો વિચાર ન કરતાં પોતાનો સ્વાર્થ સાધવો તેને છલ અથવા કપટ કહે છે. 'કૃતઘ્નતા' એને કહે છે કે કોઇના કરેલા ઉપકારને ન માનવો. ક્રોધાદિ દોષ અને કડવા વેણને છોડી શાન્ત અને મધુર વચન જ બોલવાં અને બહુ બકવાદ ન કરવો. જેટલું બોલવું યોગ્ય હોય તેથી વધુ કે ઓછું ન બોલવું. વડીલોને માન આપવું, તેમની સામે ઉભા થઈ ઉચ્ચ આસન પર બેસાડી પ્રથમ '**નમસ્તે**' કરવા. તેમની સામે ઉચ્ચ આસન પર ન બેસવું. સભામાં પોતાની યોગ્યતા પ્રમાણેના આસન પર બેસવું જેથી બીજો કોઈ

ત્યાંથી ન ઉઠાડે. કોઈ સાથે વિરોધ ન કરવો. યોગ્ય ગુણોનું ગ્રહણ અને દોષોનો ત્યાગ કરવો. સજ્જનોનો સંઘ અને દુષ્ટોનો ત્યાગ કરવો, તથા પોતાના માતા, પિતા અને આચાર્યની તન, મન અને ધન વગેરે ઉત્તમ ઉત્તમ પદાર્થોથી પ્રીતિપૂર્વક સેવા કરવી.

यान्यस्माकं सुचरितानि तानि त्वयोपास्यानि नो इतराणि (तैत्ति. प्रपा० ७ अनु० ११)

એનો ભાવાર્થ એ છે કે માતા, પિતા તથા આચાર્ય પોતાના સંતાનો અને શિષ્યોને હંમેશાં સત્ય ઉપદેશ કરે અને એ પણ કહે કે અમારાં જે જે ધર્માનુકૂલ કર્મો છે, તેમનું તેમનું ગ્રહણ કરો અને જે જે અમારાં દુષ્ટ કર્મો હોય તેનો ત્યાગ કરજો. કોઇ પાખંડી દુરાચારી મનુષ્ય પર વિશ્વાસ ન કરવો. અને જે જે ઉત્તમ કર્મને માટે માતા, પિતા અને આચાર્ય આજ્ઞા આપે તેનું તેનું યથેષ્ટ પાલન કરવું. માતાપિતાએ ધર્મ, વિદ્યા અને સદાચારના શ્લોક, નિઘંટુ, નિરુક્ત, અષ્ટાધ્યાયી અથવા અન્ય સૂત્રો વા વેદમંત્રો કંઠસ્થ કરાવ્યા હોય તેમનો અર્થ ફરી ફરીને વિદ્યાર્થીઓને સમજાવે.

જે રીતે સત્યાર્થપ્રકાશના પ્રથમ સમુલ્લાસમાં ઈશ્વરનું વર્ણન કર્યું છે, એ રીતે માનીને તેની પ્રાર્થના કરવી. જેથી આરોગ્ય, બળ અને વિદ્યા પ્રાપ્ત થાય એવું ભોજન અને વ્યવહાર રાખવો. અર્થાત્ જેટલી ભૂખ હોય તેને થોડું ઓછું ભોજન કરવું; દારૂ માંસના

સેવનથી અલગ રહેવું. અજાણ્યા ઉંડાં પાણીમાં પ્રવેશ ન કરવો; કેમકે જલજંતુ અથવા કોઈ અન્ય પદાર્થથી દુ:ખ થાય અથવા તરતાં ન આવડતું હોય તો ડૂબી જવાય છે. એ માટે મનુ મહારાજે કહ્યું છે કે **नाविज्ञाते जलाशये**–અર્થાત્ અજાણ્યા જળાશય (કૂવો, તળાવ, નદી વગેરે)માં પ્રવેશ કરી સ્નાનાદિ ન કરવાં.

दृष्टिपूतं न्यसेत्पादं, वस्त्रपूतं जल पिबेत्।
सत्यपूता वदेद्वाचं, मनःपूतं समाचरेत्॥

(મનુસ્મૃતિ: અ. ૬. શ્લોક. ૪૬)

અર્થ– નીચે નજર રાખી ખાડા, ખબળાવાળા સ્થાનને જોઈ ચાલવું. વસ્ત્રથી ગળીને પાણી પીવું. સત્યથી પવિત્ર કરી વચન બોલવું. મનથી વિચાર કરી આચરણ કરવું.

माता शत्रुः पिता वैरी येन बालो न पाठितः।
न शोभते सभा मध्ये हंसमध्ये वको यथा॥

(ચાણાક્યનીતિ. અ. ૨. શ્લોક. ૧૧.)

જેણે પોતાના બાળકને વિદ્યા શિખવી નથી એ માતા અને પિતા તેનાં દુશ્મન છે. કેમકે રાજહંસોની વચ્ચે જેમ બગલો શોભતો નથી તેમ એ મૂર્ખ બાળક વિદ્વાનોની સભામાં શોભતો નથી. માટે પોતાના સંતાનોને તન, મન અને ધનથી વિદ્યા, ધર્મ, સત્યતા અને ઉત્તમ શિક્ષાયુક્ત કરવાં એજ માતા–પિતાનું કર્તવ્ય, એજ પરમધર્મ, અને એજ કીર્તિનું કામ છે.”

(સત્યાર્થપ્રકાશ સમુલ્લાસ ૨.)

"માતાપિતા અથવા ગુરુ પોતાનાં છોકરાછોકરીઓને અર્થ સાથે ગાયત્રીમંત્રનો ઉપદેશ કરે. એ મંત્ર આ છે:—

ओ३म् भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि। धियोयोनः प्रचोदयात् ॥

(**यजुर्वेद** અ. ૩૬. મં. ૩.)

આ મંત્રમાં જે પ્રથમ (**ओ३म्**) છે તેનો અર્થ પ્રથમ સમુલ્લાસમાં બતાવવામાં આવ્યો છે, ત્યાંથી જોઈ લેવો. મહાવ્યાહ્રુતિઓનો અર્થ ટુંકમાં લખીએ છીએ.

"**भूरिति वै प्राणः**"— "**यः प्राणयति चराऽचरं जगत् स भूः स्वयंभूरीश्वरः**"

જે તમામ જગતના જીવનનો આધાર, પ્રાણથી પણ પ્રિય અને સ્વયંભૂ છે, એ પ્રાણનો વાચક હોઈ '**भूः**' પરમેશ્વર નામ છે. "**भुवरित्यपानः**" "**यः सर्वं दुःखमपानयति सोऽपानः**" જે તમામ દુઃખોથી રહિત હોઈ જેના સંગથી સર્વ જીવો દુઃખથી છુટી જાય છે, એટલા માટે એ ઈશ્વરનું નામ '**भुवः**' છે. "**स्वरितिव्यानः**" "**यो विविधं जगद्व्यानयति व्याप्नोति स व्यानः**" જે અનેકવિધ જગતમાં વ્યાપક હોઇ સર્વને ધારણ કરે છે અતઃ એ પરમેશ્વરનું નામ **स्वः** છે. એ ત્રણે વચન તૈત્તિરીય આરણ્યક પ્રપાઠક ૭ અનુવાદ ૫માં છે.

(**सवितुः**) "**यः सुनोत्युत्पादयति सर्वं जगत् स-सविता...तस्य...**જે સર્વ જગતનો ઉત્પાદક અને સર્વ ઐશ્વર્યનો દાતા છે.

(देवस्य) "यो दिव्याते दीव्यते वा स देवः" જે સ
સુખોનો આપનાર અને જેને પ્રાપ્તિની સર્વ ઇચ્છા :
છે. એ પરમાત્માનું જે (वरेण्यम्) "वर्तुमर्हम्" સ્વીક
કરવા યોગ્ય અતિ શ્રેષ્ઠ (भर्गः) "शुद्ध स्वरुपं तेज
શુદ્ધ સ્વરુપ અને પવિત્ર કરવા વાળું તેજ
(तत्) તે પરમાત્માના એ તેજ સ્વરૂપને અમે (ध
महि) "धरेमहि" ધારણ કરીએ. કયા પ્રયોજન-હે
માટે? તો (यः) "जगदीश्वरः" જે સવિતા દેવ પરમાત
(नः "अस्माकम्" અમારી (धियः) "बुद्धिः" બુદ્ધિઓ
(प्रचोदयात्) "प्रेरयेत्" પ્રેરણા કરે, અર્થાત બુરા કામોથી
છોડાવી સારા કામોમાં પ્રવૃત્ત કરે.

(સત્યાર્થપ્રકાશ, સમુલ્લાસ ૩)

રામજી પુંજા 'આર્યપ્રકાશ' પ્રેસ, સ્ટેશન રોડ, આણંદમાં
બાપુભાઇ કુ. પટેલે આર્ય પ્રતિનિધિ સભા માટે છાપ્યું,
અને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું. તા. ૧૫-૧૨-૩૧.